|| ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ પર્તિગ્રામોદભવાય નમઃ || (૧૭)

## પર્તિ ગામમાં જન્મ લેવાવાળા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

આંધ્રપ્રદેશમાંના પુટ્ટપર્તિ નામના નાના ગામમાં રહેતા અતિશય ધાર્મિક પ્રવૃત્તિવાળા શ્રી કોંડમરાજુ નામના ગૃહસ્થને એક દિવસ સપનું આવ્યું. અતિશય દિવ્ય, અદ્ભુત એવા આ સ્વપ્નમાં તેમને દિવ્ય તેજવાળી, પરંતુ ચહેરા પરથી વ્યાકુળ હોય એવી દેવી દેખાઈ. તે હતી દેવી સત્યભામા, જેમને માટે પારિજાતના ફૂલ લાવવા માટે ગયેલા શ્રીકૃષ્ણની રાહ જોનારી. દિવસ ઉપર દિવસ સરવા લાગ્યાં પણ શ્રીકૃષ્ણ કાંઈ પાછા આવતા નહોતા એટલે વ્યાકુળતાથી તેની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. મુશળધાર વરસાદ શરુ થયો પરંતુ દેવી સત્યભામા વરસાદમાં ભીંજાતી ત્યાં જ ઊભી રહી. કોંડમરાજુનું એ બાજુ ધ્યાન જતાં જ તેણે નિવાસ આપવાની માગણી કરીને કહ્યું, " હું અહીં આવવાવાળા શ્રીકૃષ્ણની રાહ જોતી અહીંયાં જ રહીશ."

સ્વપ્ન પૂરું થયું અને શ્રી. કોંડમરાજુએ મંદિર બાંધવાનો નિશ્ચય કર્યો. તે પ્રમાણે તેમણે મંદિર બાંધીને પૂર્ણ કર્યું. પરંતુ અધિક ધન ન હોવાથી મૂર્તિની જગ્યાએ ફક્ત એક ' શિલા ' ની સ્થાપના કરી.

આ રીતે દેવી સત્યભામાને આપેલું વચન કોંડમરાજુએ પાળ્યું. પુટ્ટપર્તિમાં સત્યભામાનું નિવાસસ્થાન થયું અને તેથી જ રાહ જોઈ રહેલા સત્યભામાને મળવા માટે શ્રીકૃષ્ણને ' પર્તિગ્રામ ' માં અવતાર લેવો પડયો. (અવતરવું પડયું)

પુટ્ટપર્તિનું પહેલા નામ હતું ' ગોપાલપલ્લી ' એટલે ગોવાળોનું ગામ. આ નાના ગામમાં અનેક ગોવાળો પોતાના સમૃદ્ધ એવા પશુધન સાથે રહેતા હતા. એકવાર એક ગોવાળને એવું લાગ્યું કે તેની એક ગાય જયારે સાંજે પાછી આવે છે ત્યારે તેના આંચળમાં દૂધ હોતું નથી. આવું દરરોજ થવા લાગ્યું ત્યારે આ વાત જાણવા માટે તે ગોવાળ ગાયની પાછળ ચાલવા માંડયો. ત્યારે તેણે જોયું કે ગાય ચરતા ચરતા એક સાપના રાફડા પાસે જઈને ઊભી રહી ગઈ અને ત્યાં એક અકલ્પિત, અદ્ભુત દૃશ્ય તેણે જોયું. રાફડામાંથી એક સાપ બહાર આવ્યો અને તે ગાયના પાછલા પગને વીંટળાઈને તેના

આંચળમાંથી દૂધ પીવા લાગ્યો આ જોતા જ ક્રોધમાં આવેલા તે ગોવાળે પાસેનો એક પથ્થર ઉઠાવીને તે સાપને માર્યો.

આ સાપના શાપથી અલ્પ સમયમાં જ ગામમાંનું પશુધન ઓછું લાગ્યું અને સંપૂર્ણ ગામમાં સાપના રાફડા વધવા લાગ્યા અને તેથી 'ગોપાલપલ્લી' નું નામ 'પુટ્ટવર્ધિની' એટલે સાપોના વધતા જતા રાફડાનું ગામ એવું થયું. આગળ જતા આ જ નામનો અપભ્રંશ થઈને 'પુટ્ટપતિ' ના નામે આ ગામ ઓળખાવા લાગ્યું.

જ્યારે સાઈના બીજા અવતારે આ ગામમાં જન્મ લીધો ત્યારે અલ્પાવધિમાં જ પુટ્ટપર્તિનું રૂપાંતર પાછું ગોકુળમાં જ નહીં, પણ સ્વર્ગમાંના નંદનવનમાં  થયું. આજે આ જ ગામનું નામ દેશના જ નહીં, પણ વિશ્વના નકશા ઉપર સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યું છે. તે વિશ્વના લાખો લોકોનું શ્રદ્ધા સ્થાન બન્યું છે.

||ૐ  શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||